સોગંદ આપ્યા......

**<u>વાદીની આંક–૩૩ની શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુશ્રી લક્ષ્મીપ્રસાદજીની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧,૪ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એમ.ટી.રાવલ</u>**

(૬) એ વાત ખરી છે કે, મને દીક્ષા આપી તે સમયે મારી ઉંમર ૯ વર્ષની હતી. એ વાત ખરી છે કે, હું ૯ વર્ષની ઉંમરે સમજણો ન હતો. એ વાત ખરી છે કે, ૯ વર્ષની ઉંમરે મને દીક્ષા આપી તે સમયે મારા માતા પિતાએ કોઈ જગ્યાએ મને સમજણ ન હોવા છતા મારી સંતદીક્ષા આપી છે તેવી ફરીયાદ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી છ મહીનાની ઉંમરે મારી માતાનું અવસાન થયેલું અને મારી ૬ વર્ષની ઉંમરે મારા પિતાનું અવસાન થયેલું.

સવાલ:– તમારા પરિવારજનોએ પણ આ અંગે કોઈ ફરીયાદ કરેલી નહી ?

જવાબ:– મારા નાનીએ મુળી સ્વામીનારાયણમંદિરમાં આવીને મૌખીક ફરીયાદ કરેલી.

એ વાત ખરી છે કે, હું પુખ્ત વયનો થયો ત્યારે સ્વામી હતો.

સવાલ:– તમારા નાનીએ મુળી સ્વામીનારાયણમંદિર સિવાય કાયદાકીય રીતે કોઈ ફરીયાદ કરેલી નથી ?

જવાબ:– સાહેબ ૪૫ વર્ષ પહેલાની વાત છે. એ લોકો અભણ હતા. ત્યારે ફરીયાદ કરેલી કે કેમ તે હું કેવી રીતે કહી શકુ.

હું સમજણો થયો પછી મારી દીક્ષા અંગે મારી સંમતી ન હોવા બાબત મેં મારી નાનીને ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે, હું સમજણો થયો પછી મારી દીક્ષા અંગે મારી સંમતી ન હોવા બાબત કાયદાકીય રીતે કોઈ ફરીયાદ કરેલી નથી.

સવાલ:– સ્વામીનારાયણમંદિરના મહંત પદ આપવાની સત્તા ગાદીપતીને હોય છે અને મહંતપદ પરથી હટાવવાની તથા તે જગ્યાએથી અન્ય જગ્યાએ નીમણુક આપવાની સત્તા પણ ગાદીપતીને હોય છે ?

જવાબ:– નરનારાયણમંદિર ટ્રસ્ટ,કાળુપુર, અમદાવાદના તાબાના મંદિરોમાં મહંતોને નીયુકતી તથા હટાવવાની તથા તે જગ્યાએથી અન્ય જગ્યાએ નીમણુક આપવાની સત્તા ગાદીપતીને હોય છે.

(૭) એ વાત ખરી નથી કે, નરનારાયણમંદિર ટ્રસ્ટ,કાળુપુર, અમદાવાદના તાબાના મંદિરોના ટ્રસ્ટોમાં ટ્રસ્ટીઓની નીમણુક અંગે સંમતી આપવાની સત્તા પણ ગાદીપતીને હોય છે. એ વાત ખરી છે કે, મેં રજુ રાખેલ આંક–૮૦ના ટ્રસ્ટડીડમાં ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે નીમણુક કરવાની સત્તા જે તે વખતના શ્રીનરનાયણ દેવ ગાદીપતી અમદાવાદના આચાર્ય મહારાજશ્રીની અનુમતી મેળવી નીયુકત કરવાની સત્તા હોવાની જોગવાઈ કરેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમોએ ટ્રસ્ટ બનાવ્યુ ત્યારે કોઈપણ લેખીત કે મૌખીક શ્રીનરનાયણદેવ ગાદીપતી અમદાવાદના આચાર્ય મહારાજશ્રીની સંમતી મેળવેલી નથી. એ વાત ખરી છે કે, જયારે ટ્રસ્ટની રચના કરી ત્યારે સેટલર તરીકે *શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસજી ગુરુ લક્ષ્મીપ્રસાદદાસજી*ના નામથી ટ્રસ્ટની નોંધણી કરાવેલી. એ વાત ખરી છે કે, શ્રીરાધાકૃષ્ણગૌસેવાટ્રસ્ટ મોરબી મદદનીશ ચેરીટી કમીશ્નરની કચેરીમાં નોંધણી નંબર ઈ/૧૨૪૫/મોરબીથી નોંધાયેલ ટ્રસ્ટ છે. એ વાત ખરી નથી કે, ટ્રસ્ટના ટ્રસ્ટી માત્ર વહીવટકર્તા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ટ્રસ્ટ સ્વતંત્ર છે અને આ ટ્રસ્ટ સાથે નરનારાયણદેવ,અમદાવાદને કોઈ લેવા દેવા નથી. વાદી ટ્રસ્ટની નોંધણી મેં કરાવેલી છે. એ વાત ખરી નથી કે, આંક–૮૦ના ટ્રસ્ટડીડની કલમ ૬ની પેટા કલમ ૬માં મેં શ્રીનરનારાયણદેવગાદીપતીને નીમણુકની સત્તા આપેલી છે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટડીડમાં જે જોગવાઈ કરી હોય અને તે રીતે નોંધાયેલા ટ્રસ્ટની કામગીરી ટ્રસ્ટડીડ મુજબ કરવાની હોય છે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટ અંગેની કોઈપણ કામગીરી કરતા પહેલા તે અંગેના ઠરાવ કરવાના હોય છે.

સવાલ:– ઠરાવ અંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સમંતી મેળવવાની હોય છે ?

જવાબ:– તેમાં સંમતી જેવું કાંઈ હોતું નથી, તમામ ટ્રસ્ટીઓએ મીટીંગમાં હાજર રહેવાનું હોય છે.

એ વાત ખરી છે કે, તમામ ટ્રસ્ટીઓએ મીટીંગમાં હાજર રહેવાનું હોય છે અને ઠરાવમાં સહીઓ કરવાની હોય છે. એ વાત ખરી છે કે, હાલ અમારા વાદી ટ્રસ્ટમાં પાંચ ટ્રસ્ટીઓ રેકર્ડ ઉપર છે. એ વાત ખરી છે કે, હાલના દાવામા મે પાંચ ટ્રસ્ટીઓમાંથી અન્ય ટ્રસ્ટીઓને જોડેલા નથી. એ વાત ખરી છે કે, તે સમયે દાવો દાખલ કરતા પહેલા ટ્રસ્ટીઓનો ઠરાવ કરેલો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સાહેબ મોટી માછલીઓ નાની માછલીઓને ગળી જાય તેમ હતુ અને આ લોકોએ બે હજાર માણસોનુ ટોળુ સંસ્થાને ઘેરી લેવા મોકલાવેલુ ,અમે અમારો જીવ બચાવીએ કે ઠરાવ કરીએ, ઠરાવ તો પાછળથી પણ થઈ શકે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૩ શ્રીરાધાકૃષ્ણટ્રસ્ટગૌસેવા નાંણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ ટ્રસ્ટનો ઓડીટ રીપોર્ટ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આવા ઓડીટ રીપોર્ટ દરેક નાંણાકીય વર્ષના મોરબી મદદનીશ ચેરીટી

કમીશ્નરમાં રજુ કરવાના હોય છે.

**આ તબ્બકે કોર્ટ સમય પુરો થતા વધુ ઉલટતપાસ માટે મુલતવી.**

તા.૨૧/૮/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧